### સરકારે સર્વિસટેક્સમાં સ્વચ્છ ભારત મિશન માટે બે ટકા સેસનો ઉમેરો કર્યો

# પ્રજાએ સર્વિસટેક્સ ૧૪ ટકા નહીં પણ ૧૬ ટકા ચૂકવવો પડશે

■ **ફોનબિલથી લઇને ઇન્ટરનેટ જેવી સેવાઓ વધુ મોંઘી થશે**

નવી દિલ્હી, તા. ૨

નાણાપ્રધાન અરુણ જેટલીએ શનિવારે રજૂ કરેલાં સામાન્ય બજેટમાં સર્વિસટેકસને ૧૨.૩૬ ટકાથી વધારીને ૧૪ ટકા કર્યો છે. આ સર્વિસટેક્સમાં બે ટકા સેસ પણ ઉમેરવામાં આવ્યો હોવાથી હવે દેશની જનતાએ કુલ ૧૬ ટકા સર્વિસટેક્સ ચૂકવવો પડશે, જેટલીએ રજૂ કરેલાં બજેટમાં મોદીની મહત્ત્વાકાંક્ષી યોજના સ્વચ્છ ભારત મિશન માટે જનતા પાસેથી સર્વિસટેક્સમાં બે ટકા સેસને જોડી દેવાની પૂરી જોગવાઈ કરી છે, જો આ જોગવાઈ લાગુ કરવામાં આવે તો દેશની પ્રજાએ ૧૬ ટકા સર્વિસટેક્સ ચૂકવવો પડશે.

## નાણાકીય બિલમાં કેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે




સરકારનાં નાણાકીય બિલને જો બારીકાઈથી વાંચવામાં આવે તો કેટલીક ચીજો આશ્ચર્ય પેદા કરી શકે છે. નાણાકીય વિધેયકના અધ્યાય ૬ના સ્વચ્છ ભારત ઉપકરના ૧૧૭ના ભાગ બેમાં સ્પષ્ટપણે લખ્યું છે કે સ્વચ્છ ભારત મિશનની યોજના અંતર્ગત લેવામાં આવેલાં પગલાંને નાણાકીય સહાય પૂરી પાડવા માટે તેમજ તેનું સંવર્ધન કરવા માટે અથવા કોઈ અન્ય પ્રયોજન માટે આ અધ્યાયના નિયમો પ્રમાણે તમામ અથવા તો કર લેનારી સુવિધાઓનાં મૂલ્ય પર સ્વચ્છ ભારત કોષનાં નામે વધારાનો બે ટકા ટેક્સસર્વિસ ટેક્સમાં લેવામાં આવશે.

### વિશેષજ્ઞોનું શું કહેવું છે

કેપીએમજીના ચીફ ઓપરેટિંગ અધિકારી(ટેક્સ) સચિન મેનને એક ટીવી ચેનલના ઇન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે બજેટમાં બે ટકા સ્વચ્છ ભારત સેસને સર્વિસટેક્સમાં જોડવાની જોગવાઈ કરી છે, તેનો સાફ મતલબ છે કે સર્વિસટેક્સ ૧૨.૩૬થી વધીને ૧૪ ટકા થઈ જશે અને તેમાં બે ટકા સેસ ચૂકવવો પડશે એટલે કે પ્રજાએ હવે ૧૬ ટકા સર્વિસટેક્સ ચૂકવવો પડશે.




### લોકો હજી પણ મૂંઝવણમાં છે

ભારત સરકાર દ્વારા તાજેતરમાં રજૂ કરાયેલા બજેટના ફાઈનાન્સ બિલના છઠ્ઠા ચેપ્ટર એટલે કે સ્વચ્છ ભારતને ધ્યાનથી વાંચવામાં આવે તો ખ્યાલ આવશે કે તેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, કરપાત્ર તમામ સેવાઓ કે કેટલીક સેવાઓ પર આ ચેપ્ટરના નિયમ અનુસાર બે ટકા સ્વચ્છ ભારત સેસ ઉઘરાવવો જોઈએ. મહત્ત્વની વાત એ છે કે સરકાર દ્વારા કોઈ નક્કર જાહેરાત કરવામાં આવી ન હોવાથી લોકો હજી પણ ટેક્સ કેટલા લાગશે તે અંગે મૂંઝવણમાં છે.



# બજેટમાં સર્વિસ ટેક્સરેટ વધતાં જીવનજરૂરી ચીજવસ્તુઓ મોંઘી

**ટ્રાન્સપોર્ટ સર્વિસ પર મળતું વળતર પણ ઓછું કર્યું : બે ટકા વધારાનો સેસ મોંઘવારીને કરંટ આપશે**

સુરત, તા. ૨

જીવનજરૂરી ચીજવસ્તુઓ સહિત અનેક ઉત્પાદોના વધુ ભાવ ચૂકવવા લોકોએ તૈયાર રહેવું પડશે. સરકારે સર્વિસટેક્સ રેટમાં ૨ ટકાનો વધારો કર્યો છે, ઉપરાંત ટ્રાન્સપોર્ટ સર્વિસ પર મળતું વળતર પણ ઓછું કર્યું છે. ટ્રાન્સપોર્ટ સર્વિસ મોંઘી થતા તેની અસરરૂપે શાકભાજી, અનાજ, કઠોળ સહિત વિવિધ ઉત્પાદોમાં પચી ૧૦ ટકાનો વધારો થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

મોંઘવારીના મારથી પિસાતી સામાન્ય જનતાને બેવડો માર પડ્યો છે. કેન્દ્રીય બજેટમાં સર્વિસ ટેક્સરેટ બે ટકા વધારી ૧૪ ટકા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વળી, ટેક્સમાં મળતી રાહત પણ ઓછી કરવામાં આવી છે. જેને કારણે ઉપભોક્તાના ગજવા પર ભારણ વધશે. સર્વિસટેક્સ વધતા ટૂંક સમયમાં જ વિવિધ ચીજવસ્તુઓના ભાવ નવી ઊંચાઈએ પહોંચશે તેવી શક્યતા છે. સીએ હિતેષ લાકડાવાલાએ જણાવ્યું હતું કે સર્વિસ ટેક્સરેટમાં ૨ ટકાનો વધારો કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. અગાઉ કુલ ૧૨.૩૬ ટકા સર્વિસટેક્સ હતો જે વધીને ૧૪.૨૮ થઈજશે. વિવિધ સર્વિસ પર મળતું વળતર ઓછું કરવામાં આવ્યું છે. અગત્યની એવી ટ્રાન્સપોર્ટ સર્વિસ પર ભારણ વધાર્યું છે. અગાઉ ટ્રાન્સપોર્ટ સર્વિસ પર મળતું વળતર ઘટાડવામાં આવ્યું છે. ૭૫ ટકા એબેટમેન્ટ સાથે ટ્રાન્સપોર્ટ સર્વિસ પર ૩.૦૯ ટકા ટેક્સ લાગુ હતો. હવે આ એબેટમેન્ટ ૫ ટકા ઘટાડીને ૭૦ ટકા કરવામાં આવ્યું છે. જેથી ટ્રાન્સપોર્ટ પર સર્વિસટેક્સ વધીને ૩.૭૧ ટકા થશે. વળી, સર્વિસટેક્સ પર ૨ ટકા સેસનો પણ ડામ લાગશે જેથી ટ્રાન્સપોર્ટ સર્વિસ મોંઘી થશે. ઉપરાંત પેટ્રોલ-ડીઝલના ભાવ ૩ રૂપિયા વધ્યા છે. તેની અસરરૂપે પણ વિવિધ ચીજવસ્તુઓના ભાવમાં વધારો થશે.

